November 2021

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 17 ● Issue 02 / 159
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



ગત **૧૦૮ વર્ષથી** પાટણ જૈન સમાજમાં શૈક્ષણિક તેમજ સમાજ ઉત્કર્ષ ક્ષેત્રે કાર્યરત આપણી માતૃ સંસ્થા શ્રી પાટણ જૈન મંડળની સને ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪ના આગામી ત્રણ વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિના ૨૫ (પચ્ચીસ) સભાસદોની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ હતી, જેમાં વર્તમાન એકવીશ તથા નવા પંદર સભાસદો મળી કુલ ૩૬ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. મંડળની તા. ૦૪-૧૦-૨૦૨૧ના મળેલ વ્યવસ્થાપક સમિતિની સભાએ ચૂંટણીના મુખ્ય નિરિક્ષક તરીકે **શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો), શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ (કનાસાનો પાડો) અને શ્રી નરેશભાઈ નેમચંદ શાહ (મનમોહનજીની શેરી)ની** વરણી સર્વ સંમતિથી કરેલ. આ વર્ષે કોરોના મહામારીને કારણે સરકારી નિયંત્રણો અને કડક આદેશોનું પાલન કરવું અનિવાર્ય હોવાથી આ ચૂંટણી દરમ્યાન વિશેષ તકેદારીઓ અને પરવાનગીઓ લેવી આવશ્યક હતી. આપણા સમાજનાં ઉપર્યુક્ત ત્રણે બાહોશ નિરિક્ષકોના સંનિષ્ઠ પ્રયાસોથી ૨૫ સભ્યોની ચૂંટણી માટે ઊભા રહેલ ૩૬ ઉમેદવારોમાંથી ૧૧ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચતા ચૂંટણી નિવારી શકાઈ છે.

જ્યારે પણ સંસ્થા દ્વારા ચૂંટણી આયોજનની જાહેરાતના ઢોલ વાગે છે ત્યારે સમાજમાં એક ચેતના જાગૃતિનો સંચાર થાય છે, જેમાં ઉમેદવારી નોંધાવનાર સભાસદો સંસ્થામાં પોતાના કિંમતી સમયનો ભોગ આપી સેવાઓ બજાવવા કટીબદ્ધતા દર્શાવે છે. પરંતુ સાથોસાથ સંસ્થા અને સમાજના બહુમૂલ્ય સમય અને સંપત્તિનો વ્યય થવાનો અણસાર આવતાં જ સ્વેચ્છાએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી એક ઉત્તમ દ્રષ્ટાંત રજૂ કરે છે તે આપણા સમાજ માટે પ્રસંશનીય છે.

એકંદરે સંસ્થાના, સમાજનાં તેમજ ઉમેદવારોના સમય અને શક્તિને સારા અને સાચા અર્થમાં સકારાત્મક ભૂમિકા તરફ વાળવામાં સૌ ઉમેદવારોનો સહકાર મળ્યો તે બદલ હું સર્વનો આભાર માનું છું. ત્રણે નિરિક્ષકોએ તેમના વ્યવસાયની વ્યસ્તતાને બાજુ ઉપર રાખી સમાજ દ્વારા સોંપાયેલ જવાબદારીને પૂર્ણ દક્ષતા અને કટીબદ્ધતાથી નિભાવવા બદલ ત્રણેય નિરિક્ષકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતા હાર્દિક ધન્યવાદ આપું છું.

કોરોના મહામારીના દોઢ વર્ષના સમયગાળા બાદ સરકારી આદેશોમાં આંશિક છૂટછાટ મળ્યાથી સંસ્થાની મંદ પડેલી કેટલીક પ્રવૃત્તિઓમાં ચેતનાનો પુનઃ સંચાર થયેલ છે અને લગભગ બે વર્ષ બાદ **દિવ્યાંગ બાળકો માટેની કાર્યરત આપણી ''દીશા'' સમિતિ દ્વારા સંસ્થાના નૂતની કરણ પામેલ સભાગૃહમાં તા. ૩૦-૧૦-૨૦૨૧ના દિને દિવ્યાંગ બાળકો અને તેમના વડિલોનું સ્નેહ સંમેલન** યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગના સૌજન્ય દાતા શ્રી ભદ્રકુમાર મણિલાલ શાહ (ખેતરપાળનો પાડો) પરિવારનો હું હાર્દિક આભારી છું.

પાટણમાં આપણી સંસ્થા સંચાલિત **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના** પટાંગણમાં દર વર્ષે યોજાતો **'સ્પંદન'** સાંસ્કૃતિક કાર્યક્રમ ગયે વર્ષે કોરોનાને કારણે યોજી શકાયો નહતો. વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા એ દિવસે ભજવાતી વિવિધ કૃતિઓ ચિત્તઆકર્ષક હોય છે. **આ વર્ષે તા. ૧૭-૧૨-૨૦૨૧ના યોજાનાર આ કાર્યક્રમ નિહાળવો સૌ માટે એક યાદગાર પ્રસંગ બની રહેશે.** શાળાના શિક્ષકગણ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાલય સમિતિના માનદ્ સભ્યોને 'સ્પંદન'ની સફળતા માટે હું શુભેચ્છા આપું છું.

**હોલના નૂતનીકરણ : પાટણ જૈન મંડળની મરીનડ્રાઈવ સ્થિત ઈમારતના ગ્રાઉન્ડફ્લોર ઉપર લગભગ ૧૨૮૦ સ્કે.ફૂટ એરિયામાં મોર્ડન સાઉન્ડ સિસ્ટમ, સ્ક્રીન પ્રોજેક્ટર, ગ્રેનાઈટ ફ્લોરીંગ, સંપૂર્ણ વાતાનુકુલીત હોલના નામાભિધાન માટે હું દાતાઓનું ધ્યાન દોરવા માંગુ છુ. રૂા. એક કરોડ કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાશ્રીનું નામ આપવા અંગે મંડળની વ્યવસ્થાપક સમિતિએ નક્કી કરેલ છે.** આ રકમ સમાજ વિકાસ ફંડમાં દાતાના નામે કાયમી રખાશે એના વ્યાજનો ઉપયોગ વિવિધ સહાયક પ્રવૃત્તિઓમાં વધુ રકમ ફાળવવા કરાશે.

**સંસ્થાના મુખ્ય કાર્યાલયની લગોલગ બનેલ આ સુંદર હોલ પર નામ આપવા ઈચ્છુક દાતાશ્રીઓને મારા મો. નં. ૯૩૨૨૨૨૫૦૭૨ ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.**

❑ દિનેશ શાંતિલાલ શાહ

# દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ ''દીશા'' સ્નેહમિલન અહેવાલ



શ્રીમતી સુચેતાબેન શ્રીમતી હીનાબેન શ્રી જે. કે. શાહ પ્રમુખ શ્રી દિનેશભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ શાહ શ્રીમતી પ્રમીલાબેન

**તા. ૩૦-૧૦-૨૦૨૧ના શનિવારે** બે વર્ષના સમયગાળા બાદ કોવીડ-૧૯ના સરકારી નિયમોમાં છૂટછાટ મળતા. **''દીશા'' સમિતિ** દ્વારા દિવ્યાંગ બાળકો અને તેમના વડીલોનું દિવાળી નિમિત્તે **''સ્નેહમિલન''** મંડળના નૂતન હોલમાં આયોજન થયેલ.

**''હું પટણી છું પાટણનો વતની છું''** પાટણ જૈન મંડળના એન્થમને સ્ક્રીન ઉપર બતાવી કાર્યક્રમની શરૂઆત થઈ જેનાથી બાળકોના ઉત્સાહ અને ઉમંગ વધ્યા હતાં. ત્યારબાદ સૌ બાળકોને અંતાક્ષરી રમાડી દિલ બહેલાવ્યા હતા.

આ પ્રસંગે **શ્રી જે.કે. શાહ, ઉપપ્રમુખ શ્રી ચંદ્રવદન શાહ તેમજ દાતા પરિવારના સુચેતાબેન** તરફથી પ્રાસંગિક પ્રવર્ચન થયેલ.

આ પ્રસંગના **સૌજન્ય દાતા પરિવાર શ્રી ભદ્રકુમાર મણિલાલ શાહ (ખેતરપાળનો પાડો) તેમજ અન્ય દાતાઓ** તરફથી ઉપસ્થિત બાળકોને મીઠાઈ - રોકડ કવર - શોપીંગ બેગ - દીશાનું ટીશર્ટ તથા અન્ય ભેટો આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાં અલ્પાહાર અને આઈસક્રીમ આરોગી ખુશનુમાં વાતાવરણમાં સૌ છૂટા પડ્યા હતા.




# પાટણનું ગૌરવ – Pride of Patan




ડૉ. જીનમ શાહ શ્રી ભગતસીંહ કોશ્યારી

લખિયારવાડાના હાલ મરીનડ્રાઈવ, શ્રીમતી પીનાબેન અને ડૉ. જનકભાઈ રમણલાલ શાહના સુપુત્ર **ડૉ. જીનમ શાહને** કોરોના મહામારીના કપરા કાળમાં તેઓશ્રી દ્વારા પ્રદાન કરાયેલ ઉત્કૃષ્ટ સેવાઓ બદલ મહારાષ્ટ્રના રાજ્યપાલ **શ્રી ભગતસીંહ કોશ્યારીના હસ્તે એવોર્ડ અર્પણ કરી સન્માનીત કરવામાં આવેલ. ડૉ. જીનમને** તેમની આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

**Dr. Jeenam Shah** (Lakhiyar Wado, Marine Drive), Son of Smt. Peenaben & Dr. Janak Ramanlal Shah, a practicing Pulmonologist, was **awarded by the Governor of Maharashtra, Shri Bhagat Singh Koshyari** for his exemplary service for all patients during the pandemic. Despite being hospitalised along with his family with Covid, he continued his work post recovery. With support of his wife Dr. Sonal Shah and other family members he continued to treat patients in hospitals and online, day in and day out.

**Dr. Jeenam Shah** also featured in **FORBES India magazine among the top 30 doctors in India at the forefront of the COVID – 19 pandemic.**

**Dr. Jeenam Shah** practices at Bhatia, Saifee and Wockhardt hospitals in South Mumbai as a visiting consultant. His clinic is at Dharam Palace, Hughes Road, Mumbai-400007. He specializes in treatment of Asthma, COPD, Lung Fibrosis, Lung Infection, Sleep Disorders and Allergies.

***Contact Details: 9820382941 • Email: drjeenam@gmail.com***

***We are proud of Dr. Jeenam Shah for his dedicated Service.***

## તંત્રી સ્થાનેથી...

# વિના સહકાર નહીં ઉદ્ધાર....!!!

ધાર્મિક કે સામાજિક સંસ્થા એની શતાબ્દી પછી પણ પ્રવૃત્તિશીલ હોય તો સમજવું તેના ભવ્ય ભૂતકાળના પાયામાં દીર્ઘ દ્રષ્ટા સ્થાપકો તેમજ સંચાલકો હતાં, એના ઝળહળતા વર્તમાનના સભ્યો અને સંચાલકો ઉજ્જવળ ભાવિની અપેક્ષા રાખતા હોય તો તેમને સમય અને સંજોગો પ્રમાણે લક્ષ્ય સિદ્ધ કરવા કાર્યશીલ રહેવું જ જોઈએ.

બે વર્ષ અગાઉ કોને ખબર હતી કે કોરોના જેવી મહામારીના કારણે મહિનાઓ સુધી આખા જગતે અજંપા અને સ્તબ્ધતા સાથે સ્થગિત થઈ જવું પડશે! દુનિયામાં પ્રસરેલ કોવીડ-૧૯ ની મહામારીએ મનુષ્ય જાતને ઘણા બોધપાઠો આપ્યા છે. એ અનુભવે બોધ લઈ વ્યક્તિ, સમાજ, સંસ્થાઓ, રાજ્ય તેમજ કેન્દ્ર સરકારો એમ સૌએ સ્વયંની નીતિઓને નવો દ્રષ્ટિકોણ આપવાનો વખત આવ્યો. વિશ્વના રાષ્ટ્રોએ સંઘર્ષ ત્યજી માનવજાતને ઉગારવા પરસ્પરના પૂરક બનવુંજ પડે એનો અહેસાસ સૌને માસ્ક, દવા, પીપીઈ કીટ, ઓક્સિજન, કોન્સનટ્રેશન મશીન, વેન્ટીલેટર તથા અસરકારક વેક્સીન જેવી અનેક વસ્તુઓ માટે થયો **''વિના સહકાર નહીં ઉદ્ધાર''ની પ્રતિતી સૌને સ્થાનિક, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ.**

શ્રી પાટણ જૈન મંડળ તેની ૧૦૮ વર્ષની સેવા યાત્રા દરમ્યાન શિક્ષણ-મેડિકલ તેમજ સમાજ ઉત્કર્ષ ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે, જેમાં પાટણ ખાતે પ્રાથમિક તથા માધ્યમિક સાર્વજનિક વિદ્યાલય, કોમર્સ - આટ્‌ર્સ તેમજ સાયન્સની કોલેજો, અદ્યતન સુવિધાયુક્ત અતિથિગૃહ, **મુમુક્ષુઓ તેમજ પૂજ્ય સાધુ-ભગવંતોના ધાર્મિક અભ્યાસ માટે 'સિદ્ધહેમ જ્ઞાનપીઠ'ની વ્યવસ્થા તેમજ મુંબઈમાં મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી અને મીરારોડથી હેલ્થકેર સેન્ટરો દ્વારા માંદગી દરમ્યાન ઉપયોગી જરૂરી સાધનોની સાર્વજનિક સ્તરે ઉપલબ્ધતા.** મરીનડ્રાઈવ, બોરીવલી - રતનનગર તેમજ ભાયંદરમાં સમાજના પરિવારો માટે સાકાર કરેલ આવાસ યોજના, મુખ્ય કાર્યાલયથી સમાજનાં જરૂરિયાતમંદ પરિવારોને સ્વાવલંબી થવા લોન, ભાડા રાહત, મેડિક્લેઈમ પ્રિમિયમ વળતર, વૃદ્ધજનો, મહિલા ઉત્કર્ષ, વિધવા, આર્થિક સહાય તથા દિવ્યાંગોના સર્વાંગી ઉત્કર્ષ માટે સહાય, મેડિસીન અને માંદગી સારવાર માટે સહાય સંસ્થાના મર્યાદિત ફંડમાંથી નિયત માર્ગદર્શિકા મુજબ આપવામાં આવે છે.

હજુ થોડા વર્ષ પહેલા સંસ્થાની શતાબ્દી ઉજવણી નિમિત્તે ભવિષ્યનો ખ્યાલ રાખી કોરપસ વધારવા સમાજના દાતા પરિવારોને કરવામાં આવેલ ટહેલને સારો પ્રતિસાદ મળ્યો હતો અને રૂા. ચાર કરોડથી વધારેનું ભંડોળ એકઠું કરવામાં આવ્યું હતું. એ સખાવતોના વ્યાજમાંથી ગણના પાત્ર સહાયની શરૂઆત થયાને બે વર્ષ પણ પૂરા ન થયા ત્યાં કોરોના જેવી મહામારીએ ઘણાની આર્થિક ગણતરીઓ અને બજેટો બદલી નાખ્યા. છેલ્લા કેટલાક સમયથી મેડિકલ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે મોંઘવારી અતિશય વધી ગઈ છે. કોરોના કાળમાં સંસ્થાને પ્રાપ્ત થતી સખાવતોમાં ખાસ્સો ફરક નોંધાયો છે. તેમજ સંસ્થાની વ્યાજની આવકો ઘટી છે અને વહીવટી ખર્ચ વધ્યા છે.

બીજી બાજુ સમાજનાં મધ્યમ વર્ગના નોકરિયાત પરિવારો જેમને મર્યાદિત આવકમાં જ ગુજરાન ચલાવવાનું હોય તેમની પરિસ્થિતિ **''ન કહેવાય, ન સહેવાય''** જેવી થતી ગઈ, વર્ક ફ્રોમ હોમ જેવા અનેક કારણોસર પગારમાં કાપ આવતા કૌટુંબિક આવક ઘટી એટલે સ્વાભાવિક રીતે લાચાર પરિવારોને પ્રથમ આશા-અપેક્ષા, નજીકના સગાં-સ્નેહીઓ તેમજ સમાજની સંસ્થા પાસે જ હોય. આવા સંજોગોમાં સંસ્થામાં અગાઉ આવતી હતી તેનાથી વધુ સંખ્યામાં સહાય અરજીઓ આવી રહી છે. આપણા સાધર્મિકોને વધુ સારી રીતે મદદરૂપ થવા સંસ્થાએ ભંડોળમાં વધારો કરવાના પ્રયત્નો તો કરવા જ જોઈએ પરંતુ સાથે સાથે અન્ય સેવાભાવી સંસ્થાઓ તેમજ શાસન પાસેથી આપણા સમાજના પરિવારો સહેલાઈથી સહાય મેળવી શકે એવી વ્યવસ્થાનું આયોજન કરાય તોજ વર્તમાનની મોંઘી તબીબી સારવાર તેમજ ખર્ચાળ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ માટે પૂર્ણ સહાય મેળવવા સમાજના સામાન્ય પરિવારો ભાગ્યશાળી બની શકશે.

સમાજના જરૂરિયાતમંદ પરિવારોની આર્થિક જરૂરિયાતની સામે સંસ્થા દ્વારા આપવામાં આવતી મર્યાદિત સહાય પર્યાપ્ત નથી. **ગત બે વર્ષના કોરોના કાળમાં જૈન સમાજની રત્નનિધિ ચેરિટેબલ ટ્રસ્ટ, જીત-જીયો-જીતો, મરીન ડ્રાઈવ સાધર્મિક ફાઉન્ડેશન તેમજ મુંબઈના અન્ય ૨૭ જૈન ફાઉન્ડેશનો, વર્ધમાન સાંસ્કૃતિક ધામ, પટણી સમાજના પરિવારોના ખાનગી ટ્રસ્ટો, આદેશ્વર જૈન દેરાસર ટ્રસ્ટ-વાલકેશ્વર, પાટણ જૈન મિત્ર મંડળો, પાટણ - સુરત વિગેરે ગામોના જૈન સંઘોએ સ્વેચ્છાએ અને કેટલીક વખત પાટણ જૈન મંડળની ભલામણોથી આપણા સાધર્મિક કુટુંબોને તેમની શૈક્ષણિક, મેડિકલ જરૂરિયાતોમાં આર્થિક મદદ કરી છે, જેથી સમાજના અનેક કુટુંબોને સારી રાહત થયેલ.**

જૈનોને માયનોરીટી (અલ્પસંખ્યક) જ્ઞાતિનો દરજ્જો મળેલ છે. રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા અલ્પ સંખ્યક જ્ઞાતિજનોને ઘણા લાભો અપાય છે. **કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી અનેક યોજનાઓનો પણ આપણે લાભ લઈ શકીએ.** સંસ્થાના માધ્યમથી ગુજરાત સરકારના મેડિકલ મહાકાર્ડ અને અમૃતમ્ કાર્ડના લાભની સુવિધાથી પાંચ લાખ રૂપિયા સુધીની હોસ્પિટલ શસ્ત્રક્રિયા નિઃશુલ્ક કરેલ. કહેવાનું તાત્પર્ય એજ કે, મંડળ સિવાય અન્ય જૈન સંસ્થા-ટ્રસ્ટો-મિત્રમંડળો તેમજ શાસન તરફથી મેળવી શકાતી મેડિકલ તેમજ શૈક્ષણિક સહાય મંડળની એક કમિટી હેઠળ વ્યવસ્થા કરવા માટેનું માળખું ગોઠવાય તો આપણા સમાજનાં સહાય ઈચ્છુક પરિવારોને આપણે પૂર્ણ મદદ કરવા સક્ષમ બનશું. **કોરોના કાળ દરમ્યાન આ દિશામાં આપણી સંસ્થાએ કરેલ શરૂઆતને સુનિયોજીત માળખા હેઠળ સાંકળી લેવાથી જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક રીતે સ્વાવલંબી કરવાના લક્ષ્યને જરૂર વેગ મળશે.**

❑ **સંપાદક સમિતિ**

## તમો એક હાથે આપશો
## તો હજાર હાથ વાળો દિલ ખોલીને આપશે

શનિવારનો સૂરજ નમતો હતો. મધ્યાહનનો ઉકળાટ સમતો હતો. સંધ્યાની તાજગીનો સંચાર થતો હતો ત્યારે મનને તરબતર કરી દે એવી ભરી ભરી સાંજે હું ગ્રાન્ટરોડની શાક માર્કેટમાં ફ્રુટવાળાની દુકાનમાં મેં કેળાનો ભાવ પૂછ્યો.

‘‘તો મને કહે ૧૦૦ રૂપિયા ડઝન અસલ ઝાડ ઉપર પાકેલા છે. બરફી જેવા મીઠા છે.’’

‘‘મેં સફરજનનો ભાવ પૂછ્યો તો કહે ૨૫૦/- રૂપિયે કિલો.’’ ત્યાં એક જાડા કાચના ચશ્મા પહેરેલા લાકડીના ટેકે ચાલતા વયોવૃદ્ધ બા આવ્યા અને ફ્રુટવાળાએ તેમને કેળાનો ભાવ ૩૦ રૂપિયા ડઝન ૪૦ રૂપિયા કિલો સફરજન અને ચીકુ ૩૦ રૂપિયા ડઝન કહ્યા અને બાએ કહ્યું તેના કરતા વધારે ફ્રુટ આપ્યું અને બાએ જેટલા પૈસા આપ્યા તે જોયા વિના ગણ્યા વિના પેટીમાં મુકી દીધા. હું વિચારતો હતો નક્કી વયોવૃદ્ધ બાને મદદ કરવા જ આમ કર્યું હશે.

ત્યાં તો ફ્રુટવાળો બોલ્યો ‘‘શેઠ બોલો તમને શું આપું ફટાફટ, ધંધાનો સમય છે. સમયના બગાડો. ‘‘મેં કહ્યું હું લઉ છું, પણ ખરેખર તમો ધરતીમાતાના સાચા માનવ દિપક છો’’ માનવતાથી નાની પણ મદદ ખરેખર મહાન છે. પ્રત્યેક ઘરે ઈશ્વર જઈ શકતો નથી તેથી તેને તમારા જેવા માનવદિપકનું સર્જન કર્યું છે’’ સાંભળી મને હાથ પકડી અંદર લઈ ગયા. સરસ સજાવેલા એરકન્ડીશન રૂમમાં બેસાડ્યો અને કહેવા લાગ્યા, ‘‘આ વૃદ્ધમાતાને એકનો એક દીકરાને એક્સીડન્ટમાં હાથ-પગને નુકસાન થવાથી પથારી વશ છે, તેની પત્ની નોકરી કરી ઘર ચલાવે છે. બે નાના પુત્રો છે. હું આ માતાને મફત બધુજ આપવા ગયો પણ તે ખુબ જ સ્વમાની છે અને ના પાડે છે. હું જ્યારે જ્યારે આવી મદદ કરું છું તે દિવસે રાતના મારી દુકાનમાંથી બધુજ ફ્રુટ ખલાશ થઈ જાય છે. આવા નાના નાના સત્ કાર્યોથી ભગવાને મને ખુબજ સુખી રાખ્યો છે.

મારી પાસે અમૂલ્ય રત્ન જેવી બે આંખો છે. આનંદની બંસરી બજાવી શકાય એવું મુખ છે. દાનથી ખરીદી ન કરી શકાય ઓવી સારી તંદુરસ્તી છે. ખાવા-પીવાની જરાપણ ખેચ નથી. મારા પુત્રો-પુત્રી બધાજ સુખી છે અને લંડન અને અમેરિકામાં રહે છે. મને નથી આવડતી ઉડતી પતંગ જેવી ચાલાકી અને ગળે મળીને ગળા કાપવાનું મારા સ્વભાવમાં નથી. મારા ઘરવાળા મને રીટાયર થઈ ઘરે બેસી આનંદ - હરવા ફરવાનું કહે છે ત્યારે મને ૮૯ વર્ષના વોરેન બુફે અને બીલ ગેટ્સ જેવા અનેક મહાન માણસો યાદ આવે છે. જેઓ પાસે અઢળક ધન છે છતાં પણ આજે પણ મહેનત કરે છે અને લોકકલ્યાણ માટે આપે છે. હું મારાથી બનતું આવું નાનું નાનું બધુજ કરું છું. મારા વફાદાર માણસોને હંમેશા બધી જ મદદ અને સગવડ આપું છું.

‘‘ભાઈસાહેબ મેં કલદાર માણસો તો બહું જ જોયા પણ તમારા જેવા દિલદાર અને કલદાર બહું ઓછા જોયા છે.’’

ફ્રુટવાળાના ધંધા પ્રમાણે પોતાના સંસ્કાર અને સ્વભાવ બહુ જ ઉચ્ચ કક્ષાના છે.

એક દિવસમાં ત્રણે ઋતુ દેખાડતી લંડનના સ્ટેન્ડમોર સિટીમાં અમો ફરતા હતાં ત્યાં અચાનક જોરદાર વરસાદ પડ્યો અને વાતાવરણ એકદમ ઠંડુ થઈ ગયું. તેથી હું અને મારી પત્ની બાજુમાં હતી હોટલમાં કોફી માટે ગયા પણ તેનો ભાવ જોયો એક કપ કોફી પાંચ પાઉન્ડ પ્લસ ટેક્ષ. તેથી મારી પત્નીએ કહ્યું નથી પીવી કોફી ૧૧૦૦ રૂપિયાની ત્યાં તો હોટલના માલિકે આવી કહ્યું. ‘‘Do not worry, Drink coffee free and enjoy. Dear I do not want anything free. I can afford but our we Indian minds calculate in Indian Rupee.’’

Gentleman sit down. In our hotel, daily one person comes and drink a cup coffee and pays for 2 cups coffee and informs us to give 1 cup coffee to senior citizen - Forigners needy persons and students. So its my request please take 2 sticker and drink the coffee. "Thanks and sorry dear, I will pay 11 pounds you please give benefit to others."

આમ કોફીના પૈસા આપી અમો બહાર નીકળ્યા ત્યારે હું વિચારતો હતો. યુધિષ્ઠિરના અર્ધસત્ય જેવી અને દૂર્યોધનના કાવાદાવા જેવા આ જગતમાં નાના પણ સત્કાર્યો કરનારા ઘણા છે. Life is short make it sweet.

સંપત્તિનો લોક કલ્યાણ અર્થે ઉપયોગ કરનાર મહાન છે. કેટલાક પ્રસંગો સ્મરણ માત્ર નથી હોતા, તે તો હૃદયમાં કોતરાઈ જાય છે સદાય માટે. મીઠાં સંસ્મરણો સાથે ભારે હૈયે અમો આ પ્રસંગોથી જુદા પડ્યા પણ વિચારતા હતા માનવતાનું અંતર ઝરણું કેવું વહે છે.

❑ **શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી**



## અભિનંદન

કનાસાના પાડાના શ્રીમતી બેલાબેન તથા શ્રી હેમાંગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ(ગોરેગામ)ની સુપુત્રી **ચિ. સિયા** (ઉં.વ. ૧૫)એ **Heart fulness ESSAY Event, 2020 દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ભાગ લઈ મહારાષ્ટ્ર સ્તરે ત્રીજુ સ્થાન સંપાદન કરી સંસ્થા, સમાજ તથા પરિવારનું ગૌરવ વધારેલ છે. તે બદલ હાર્દિક અભિનંદન. સાહિત્ય સર્જનની સફરમાં સદાય સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા. વિજેતા કૃતિ અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

## विचारों का प्रदूषण - सभी बुराईयों की जड़

प्रदूषण अर्थात दूषित करना। निस्संदेह वर्तमानकाल के पर्यावरण में वायु, जल एवं अन्य प्राकृतिक संसाधनों का प्रदूषण बहुचर्चित है जिसके प्रभाव अति तिव्र है। प्रदूषण केवल बाहरी वातावरण तक सीमित नहीं है। मनुष्य के मन के भीतर भी विचारो का प्रदूषण प्रचलित है। विचार दूषित पदार्थो को प्रोत्साहित कर, उनके लिए प्रजनन क्षेत्र बनकर प्रदूषण का कारण बनते है। मशहूर लेखक रोबिन शर्मा का कथन है कि, ''प्रत्येक वस्तु दो बार निर्मित होती है। पहले मन में तत्पश्चात वास्तविकता में।''

''जैसा विचार, वैसा आचार।''

विचार व्यक्ति के मन का दर्पण कहलाते है। सकारात्मक व शांतिपूर्ण विचार हमे नीतिपूर्वक जीवन जीने की क्षमता देते है।

दूसरी ओर नकारात्मक विचार मन में क्रोध, लोभ, द्वेष व कलह के भाव प्रकट करते है। जिनसे हमारे मन में विचारों का संघर्ष उत्पन्न होता है। चंचल मन के कारण हमारे सभी कार्यो में बाधाएँ आती है। नकारात्मक विचार सदा मनुष्य को घिनौने कर्म करने के लिए प्रोत्साहित करते है। व्यक्ति स्वयं को बुरे से बुरा काम करने से प्रतिबंधित नहीं कर सकता। अपने स्वार्थ के लिए भ्रष्टाचार, रिश्वतखोरी, मानवों का तिरस्कार, लूटमारी व अन्य अनैतिक कार्य करने से भी इंसान नहीं हिचकिचाता।

''मन है एक अद्भुत सेवक,
मालिक बने तो हानिकारक।
मन पर अंकुश है लाभकारक,
वश में नहीं तो वह विनाशक।''

विश्व युद्ध से भी खतरनाक है शब्दों का युद्ध। किंतु इन सभी का नेतृत्व करता है विचारों का युद्ध। तीव्र विचार करने का प्रभाव बाहरी दुनिया पर भी पड़ता है। हमारे देश में सभी रहवासियों को भाषण और अभिव्यक्ति का अधिकार दिया जाता है।

परंतु कुछ लोग इस अधिकार का पुरुषयोग कर, घृणित तथा हिंसक विचार प्रजा में अधिरोपित कर देश के प्रति द्वेष प्रचारित करते है तथा अपने हित के लिए हिंसा और आतंक फैलाते है।

जब मैं दूसरी कक्षा में थी, तब शिक्षिका के पूछने पर जब किसीने उत्तर नहीं दिया, तब मैंने मासुमियत से लालच में आकर जवाब दिया कि वह पेन्सिल मेरी थी, और मैं उसे घर ले आई। उस समय मेरी माँ ने मुझे यह सीख दी कि, ''साँच बराबर तप नहीं, झूठ बराबर पाप। जाके हिरदै साँच है, ताके हिरदै आप।'' अत: हमें सत्य व इमानदारी के मार्ग पर ही अपने कदम बढ़ाने चाहिए। तत्पश्चात मैंने वह वस्तु अपनी शिक्षिका को लौटाई और अपनी भूल स्वीकार की। यदि संपूर्ण विश्व में शैशवकाल से ही बच्चों के मन में उत्पन्न होते दूषित विचारों को गतिरिद्ध किया जाए एवं इमानदारी व सत्य का मार्ग दर्शाया जाए तो संभवत: सभी कुकर्मो का अंत हो जाएगा।

मन में नकारात्मक विचारों के आगमन पर अंकुश रखना अत्यंत आवश्यक है, जिन्हें दूर करने हेतु वर्तमान पीढ़ी ड्रग्स व मध का सेवन करती है जो उचित उपाय नहीं है। मनुष्य के मन में भीतर से मलीनता विशुद्ध करना अधिक आवश्यक है। अत: योग करने से मन को शांति तथा स्थिरता प्रदान होती है। शुचित व स्थिर मन होने से किसी कार्य में विपदा नहीं आती।

सकारात्मक सोचने से मन निर्मल होता है जिससे संपूर्ण शरीर विशुद्ध तथा निरोगी रहता है। विचारों की गुणवत्ता में सुधार मनुष्य को सफलता की प्राप्ति करता है।

❑ सिया हेमांग शाह


અબોલ પશુનો છે પોકાર..... જીવદયા કરો હે નર-નાર!!!

**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

મુંબઈ કાર્યાલય:- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬



જીવદયા **પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જનનો સુવર્ણ અવસર** જીવદયા



જીવનમાં આપને સુખ-શાંતિ-સમૃદ્ધિ અને શાતા જોઈતી હોય તો પશુઓની શાતા માટે પાટણ પાંજરાપોળમાં દાન આપી મહાન પુણ્યનું ભાથુ બાંધો.

પાટણ પાંજરાપોળની મધ્યમાં કમાન ઉપર રૂા. ૨૫ લાખનું દાન આપી આપના પરિવારનું નામ પાંજરાપોળ સાથે કાયમી સંલગ્ન બનાવો.

પાટણ નગરપાલિકા દ્વારા પાંજરાપોળમાં મોકલાતા નિરાધાર - રખડતા પશુઓના આશ્રય સ્થાન માટે પાંજરાપોળમાં ફાળવાયેલ નિયત સ્થાન માટે રૂા. ૨૧ લાખનું દાન આપી આપના પરિવારનું નામ પાંજરાપોળ સાથે કાયમી ધોરણે સંલગ્ન બનાવો.

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## પાટણના મહોલ્લા

**(વાસુપૂજ્યની શેરીના ઘાટકોપર રહેતા શ્રીમતી પરિસીમાબેન અરવિંદભાઈ મણિલાલ શાહ દ્વારા આપણા પાટણ ખાતેના મહોલ્લાઓના જિનાલયો, મૂળનાયક તથા યશસ્વી મહાપુરુષો વિશે સંકલન કરેલ માહિતી અત્રે ક્રમશઃ રજૂ કરવામાં આવશે. સંપાદક સમિતિ)**

પાટણ એક ઐતિહાસિક નગરી, સરસ્વતી નદીના તટે આ પાવનભૂમિ આવેલી છે. ભૂમિના સ્વસ્તિક સમાન ધર્મનું ગૃહ અને ન્યાયનું સ્થાન એટલે જ પાટણ !!

પાટણને ગુજરાતની અસ્મિતાનું આધારબિંદુ માન્યું છે. શ્રી કનૈયાલાલ મુનશી, પાટણની અસ્મિતાના કર્ણધાર કલિકાલ શ્રી હેમચંદ્રાચાર્ય, પાટણના આદ્યસ્થાપક વીર વનરાજ ચાવડા, પાટણની ભૂમિના આશિષ દાતા પરમ પૂજ્ય શ્રી શીલગુણસૂરી હતા.

પાટણ એટલે મંદિરોની ભૂમિ કહી શકાય.

મંદિર માનવીની ધાર્મિક અને આધ્યાત્મિક જરૂરિયાતમાંથી નિર્માણ પામે છે. આ મંદિરો મનુષ્યને નિર્માણ પંથે લઈ જાય છે. પ્રત્યેક મંદિરોનો ઓટલો એક નાનકડો સમાજ છે. કહેવાય છે કે મંદિરની ટોચ ઈશ્વરની તર્જની છે. ઈશ્વર જાણે આંગળી ચીંધીને આપણને અનંત આકાશને પંથ બતાવે છે. કહ્યા વિના જાણે એટલું જ કહે છે કે માણસ માત્ર અંતે તો અનંતનો યાત્રી છે. મંદિર એ ઈંટ, ચૂના, સિમેન્ટ, પત્થરની કે આરસની ઈમારત નથી એમાં ઈશ્વરની દૈવી તત્વનો વાસ હોય છે. મંદિર એ તો માનવીની શ્રદ્ધાનું પ્રતિક છે.

એક જમાનો એવો હતો કે, કોઈપણ ગામ કે શહેર એના મંદિરોથી ઓળખાતું. આજે કાળે કરવટ બદલી છે, મંદિરોની સાથે થિયેટરો અને હોટલો બંધાવા માંડી છે તેથી જ તો માનવીની ચિંતા વ્યગ્રતા તાણ અને તણાવ વધતા ગયા જો આમાંથી ઉગરવું હોય તો એને વિલાસોને પડતા મૂકીને આધ્યાત્મિકતાના પંથે જવું પડશે.

આપણું શરીર એક ઈમારત છે તેના પ્રાણમાં જો પરમાત્માની સ્થાપના થાય, અહમને વાસનાથી મુક્ત બને તો મંદિર બની જાય. માનવીએ સાધુ, સાધક કે સાચા શ્રાવક થવું હોય તો મંદિરો સિવાય કોઈ આરો કે ઓવારો નથી. પાટણમાં ૧૦૦ થી વધુ જિનાલયો જૈન ધર્મની યશોગાથા ગાતા દીપી રહ્યા છે.

મહારાજા સિદ્ધરાજના સમયમાં ગુજરાતે સર્વાંગી વિકાસ સાધ્યો. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીના દ્વારા રેલાતા વિદ્યા પ્રવાહોથી પાટણ વિદ્યાક્ષેત્રે નંદનવન સમુ બન્યુ, સરસ્વતીનું ધામ, સંસ્કૃત વિદ્યાનું કેન્દ્રસ્થાન, વિદ્વાનોનું આશ્રયસ્થાન અને જન્મસ્થાન બન્યું. રાજા સિદ્ધરાજની વિનંતીથી શ્રી હેમચંદ્રાચાર્યે **''સિદ્ધહેમ શબ્દાનુશાસન''** નામનું વ્યાકરણ રચ્યું એને હાથીની અંબાડી પર પધરાવી વરઘોડો પાટણ નગરમાં ફેરવવામાં આવ્યો. આવું શ્રુતદેવતા અને સરસ્વતીનું બહુમાનનો પ્રસંગ જગતભરમાં પહેલો હતો.

કાંટાના ઢગલામાં સંતાડીને ભીમસિંહ ખેડુતે કુમારપાળનું રક્ષણ કર્યું હતું. અર્ણોરાજે તેની પુત્રી જલ્હણાને કુમારપાળ સાથે પરણાવી. અહિંસાના પ્રતિપાલક એવા કુમારપાળે રાજ્યમાં અમારી પાલનની ઘોષણા કરાવી. 'માર' શબ્દને દેશવટો અપાયો. અપુત્રીયાનું વિધવાનું ધનનો ત્યાગ કર્યો. વસ્તુપાળ અને તેજપાળે પાટણના ઈતિહાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. તેઓ કલાપ્રેમી હતા. આબુ અને ગિરનારના સંગેમરમરના જિનાલયો તેનું જ્વલંત ઉદાહરણ છે.

*The City of Anhilpur anaboale of religion a place of Logic and embraced of sarawati for all time is like Swastika.*

મહાન સર્વજ્ઞ વિભૂતિ હેમચંદ્રાચાર્યની કર્મભૂમિ સમુ પાટણ તીર્થ ભૂમિ બન્યું. તેમના પુત્રે શ્રી ત્રિભુવનપાળ વિહાર નામનું મંદિર બંધાવ્યું. તે દેરાસરની ચૈત્યપરિપાટીએ પાટણના શ્રેષ્ઠીઓ સાધુ સાધ્વી પગપાળા નીકળતા.

તનના રોગનો નાશ કરવા જેમ ઔષધાલયો જરૂરી છે તેમ આત્માના ભાવ રોગોનો નાશ કરવા ધર્મસ્થાનો. સાધુ-સાધ્વી મ.સા. ના ઉપાશ્રયો, યાત્રિકો માટે ધર્મશાળાઓ, અતિથિગૃહો, જ્ઞાન ઉપાસના માટે અદ્‌ભુત જ્ઞાનભંડારો, પુસ્તકાલયો, જીવદયાના પ્રતિક

**(વધુ માટે જુઓ પાના નં. ૭)**

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**
ADVT

(પાના નં. ૬થી ચાલુ)

સમી પાંજરાપોળો, સાધર્મિક ભક્તિ માટે યાત્રાળુઓની ભોજનશાળા, મુમુક્ષુ આત્મા માટે વિદ્યાપીઠ પણ આવેલ છે.

સમ્યક્ જ્ઞાનની પરબ સમી પાઠશાળામાં કર્મપ્રકૃતિ, લોક-પ્રકાશ, તત્વાર્થધિગમસૂત્ર, કર્મગ્રંથ, ક્ષેત્રસમાસ, યોગવંશિકા વિગેરે આધ્યાત્મિક ગ્રંથો જ્ઞાનના પ્રકાશપુંજને પ્રગટાવી અજ્ઞાન તિમિરને દૂર કરવાનું કાર્ય કરે છે.

પાટણ મહાનગરના નેત્ર સમાન શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર છે. આ વિશાળકાય ફાયરપ્રુફ ભંડારમાં તાડપત્ર પર લખાયેલ ગ્રંથોનો હસ્તપ્રતોનો અદ્વિતિય સંગ્રહ છે.

જૈન શાસનરૂપી ગગનમાં સૂર્યવત્ દિપતા શ્રી જિનભદ્રગણિ ક્ષમાક્ષમણ વાદિદેવસૂરિજી મ.સા., હરિભદ્ર મહારાજ વિગેરે વિદ્વાનો દ્વારા રચાયેલ વ્યાકરણ વિષયક, શિલ્પ-નિમિત ન્યાય અને કર્મવિષયક દુર્લભ સાહિત્ય આ ભંડારમાં સુરક્ષિત છે. જેનો પરમ પૂજ્ય સાધુ સાધ્વી - શ્રાવક - શ્રાવિકાઓ તેમજ તત્વ જિજ્ઞાસુ આત્માઓ, દેશ-વિદેશના વિદ્વાનો, સંશોધકો લાભ લે છે.

અહિંસાનાં ઉપદેશ દેતી જિન પ્રતિમાઓથી ઓપતા પાટણ નગરે દેવવિમાન તુલ્ય પંચાસરા પાર્શ્વનાથનું અદભુત કારીગરીવાળું દેરાસર છે. આબુના દેલવાડાના દેરાઓની ભવ્ય કળાનું સ્મરણ કરાવે છે. રણકાર કરતી ધજ્વદંડની ઘંટડીઓ જાણે પડકાર કરતી હોય તેમ પુણ્યભૂમિ સમા પાટણમાં પ્રવેશ કરતા પાપને અટકાવી રહી છે.

કુમારપાળના સમયમાં કોઈ સાધર્મિક વસવાટ કરવા આવતા ત્યારે પાટણના જૈનો તરફથી ચાંદીની પાટ સાધર્મિક ભક્તિ રૂપે આપવામાં આવતી. આજે પણ સાધર્મિક અનુકંપાનો ધોધ પાટણના જૈનો દ્વારા વહે છે. પાટણના વિકાસની મોહિની તસવીરમાં જેટલા રંગ છે તેમાં દાનનો પણ એક રંગ છે.

**ક્રમશઃ**

## સમાજને લગતું ગીત

અંતરની આરજુ મારી સ્વીકાર કરી લ્યો,
સંસાર સાગરથી નૈયા પાર કરી દ્યો (૨)
ઓ... શંખેશ્વર પાસજી પાર કરી દ્યો, નૈયા પાર કરી દ્યો,
તારી અને મારી વચ્ચે છે, કેટલી દૂરી
જંજીર આ કર્મો તણી મારી છે મજબુરી
મુરઝાયેલા આ જીવનમાં, શાંતિ ભરી દ્યો
ઓ... શંખેશ્વર પાસજી પાર કરી દ્યો, નૈયા પાર કરી દ્યો,
ચારે તરફ ફેલાઈ છે, જીવનમાં નિરાશા,
હૈયે વસી છે, તમારા પ્યારની આશા
મનડાનાં શમણા મારા સાકાર કરી દ્યો
ઓ... શંખેશ્વર પાસજી પાર કરી દ્યો, નૈયા પાર કરી દ્યો,
આવી ગઈ છે જીવનમાં કોરોનાની આંધી
હૈયે વસે છે તારા પ્રેમની ક્યારી
મનડાના શમણા મારા સાકાર કરી દ્યો
ઓ... શંખેશ્વર પાસજી પાર કરી દ્યો, નૈયા પાર કરી દ્યો,
ચો તરફ ફેલાઈ છે, પાપની આંધી
જોજે ના તુટે તારા પ્રેમની દોરી,
ભુલી જઈ ભુલો અમારી માફ કરી દ્યો
ઓ... શંખેશ્વર પાસજી પાર કરી દ્યો, નૈયા પાર કરી દ્યો,
ઓ શંખેશ્વરા સહુને સમતામાં રાખો
સંસાર સાગરથી નૈયા પાર કરી દ્યો,

❑ **શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ (ઉં.વ. ૯૫)**


ઓક્ટોબર-૨૦૨૧, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૨,૫૦,૦૦૦ |
| શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર ઝવેરી, HUF વિલેપાર્લા (મનમોહનજીની શેરી) | ૨,૫૦,૦૦૦ |
| સ્વ. શ્રીમતી નિલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ, અંધેરી (કનાસાનો પાડો) | ૨,૫૦,૦૦૦ |
| શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઈ શાહ | ૧,૦૮,૦૦૦ |
| શ્રીમતી જયલીલાબેન વિપીનભાઈ મફતલાલ શાહ (કોકાનો પાડો) હ. નીશા-સંજય, ભાવના-મિલન, દીપા-નિલેશ | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી ગુણવંતીબેન માણેકલાલ ભોગીલાલ તેલિયાવાળા પરિવાર હ. શ્રી યોગેશભાઈ, શ્રી હર્ષદભાઈ (મનમોહનજીની શેરી) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી અમિતા એન. શાહ | ૧,૦૦,૦૦૦ |
| શ્રી અમૃતલાલ મણિલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી ભરડાવાડી જૈન સંઘ, અંધેરી | ૨૧,૦૦૦ |
| શ્રી જેશંગભાઈ ઝવેરચંદ એસ્ટેટ ટ્રસ્ટ | ૨૦,૨૨૭ |
| શ્રી મહાવીરનગર શ્વે. મૂ. જૈન સંઘ, કાંદિવલી | ૨૧,૦૦૦ |
| શ્રીમતી બીનાબેન અશોકભાઈ શાહ (ડંક મહેતાનો પાડો) | ૧૭,૪૦૦ |
| શ્રી જવાહરનગર (ગોરેગામ) બિલ્ડીંગ નં. ૨૩૫માં પ્રતિક્રમણ કરતી બહેનો | ૧૫,૦૦૦ |
| શ્રી વાલકેશ્વર સ્થાનકવાસી જૈન સંઘ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૫,૦૦૦ |
| મે. વાસુ કેમિકલ LLP | ૧૫,૦૦૦ |
| શ્રી નીનાબેન વિજયભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી બાપુલાલ કેશવલાલ શાહ | ૧૧,૦૦૦ |
| મોક્ષ, નીવ, હિમાંસુભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસરજી ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| શ્રી પુજાબેન નરેશભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી હરહરવાલા બિલ્ડીંગ જૈન સંઘ | ૧૦,૦૦૦ |
| સ્વ. શ્રી હેમેન્દ્રભાઈ કેશરચંદ શાહ (મણિયાતી પાડો) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

## શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ



### હાર્દિક વિજ્ઞપ્તિ

પાટણ ખાતે ચાતુર્માસ કે શેષકાળ દરમ્યાન વિચરતા સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન ઉપલબ્ધ કરાવી શકાય તેવા શુભ આશયથી સને ૧૯૯૯માં પાટણ ખાતે મંડળ દ્વારા શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠની સ્થાપના કરેલ છે.

જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ દ્વારા જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાના સંસ્થાના હેતુને ચરિતાર્થ કરવા જ્ઞાનપીઠમાં **વાર્ષિક લગભગ રૂપિયા ૨૬ લાખથી વધુ ખર્ચ થવા પામે છે,** વધતા જતાં ખર્ચ તેમજ વર્તમાનમાં સતત ઘટતા જતાં વ્યાજને પરિણામે **જ્ઞાનપીઠ પ્રવૃત્તિને સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવા મંડળ દ્વારા નીચેની વિગતે રૂા. ૫ કરોડનું કાયમી ભંડોળ એકત્રિત કરવાનું નિર્ધારેલ છે.**

- **સંસ્થાને અપાયેલ દાન ઈન્કમટેક્ષ ૮૦જી કલમ હેઠળ ૫૦ ટકા કર મુક્તિને પાત્ર છે.**

આ ઉપરાંત આપશ્રીના પરિવારમાં આવતા નાના મોટા પ્રસંગોએ પણ સંસ્થાને યાદ કરી સ્વૈચ્છિક રકમની ભેટ સિદ્ધહેમ જ્ઞાનપીઠ નિધિમાં મોકલાવી પુણ્ય ઉપાર્જન કરી શકાય. સમાજની ભાવી પેઢીમાં ધાર્મિક જ્ઞાનનું સિંચન થાય, તેઓ ધર્મના માર્ગે આગળ વધી શાસનના પ્રાચીન ગ્રંથોનું જ્ઞાન ગ્રહણ કરી આત્મ કલ્યાણ કરનાર અને કરાવનાર બને તેવી સંસ્થાની પ્રબળ ભાવના છે.

Bank details :- A/c Holder's Name
Shree Patan Jain Mandal
Bank of Baroda : Marine Drive Branch, Saving A/c No.
04050100015574 • IFSC : BARB0MARINE

## આ યોજના અંતર્ગત જોડાયેલ દાતાઓની નામાવલી

### શ્રુતજ્ઞાન પ્રદાન રત્ન સ્થંભ રૂા. ૧૧,૦૦,૦૦૦/-

૧. શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)
૨. શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૩. શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચીતારાની ખડકી)

### શ્રુતજ્ઞાન પ્રદાન સુવર્ણ સ્થંભ રૂા. ૫,૦૦,૦૦૦/-

૧. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૨. શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
૪. શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેર વાડો)
૫. ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો)
૬. ડૉ. રંજનબેન મહાસુખભાઈ (બચુભાઈ) પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૭. શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા (મનમોહનજીની શેરી)
૮. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૯. શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
૧૦. શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેર વાડો)
૧૧. શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૧૨. શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)
૧૩. શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપુર મહેતાનો પાડો)
૧૪. શ્રી વનરાજભાઈ પ્રતાપચંદ દલાલ (વસાવાડો)
૧૫. શ્રીમતી મીતાબેન બિપીનભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી)
૧૬. શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ (મલ્લાતનો પાડો)




## સર્જન સ્વાગત

ફોફલિયા વાડો, વાસુ પૂજ્યની શેરીના શ્રી મીતીનભાઈ ચીમનલાલ શાહના ધર્મપત્નિ **શ્રીમતી આશાબેન દ્વારા સંપાદન કરેલ પુસ્તક ''યોગ અને ચેતના જાગૃતિ''નું** ઓક્ટોબર - ૨૦૨૦માં પ્રકાશન થયેલ છે.

લેખિકા શ્રીમતી આશાબેનના માતુશ્રી સ્વ. શ્રીમતી પુષ્પાબેન રમણલાલ શાહ દ્વારા **''નવતત્વ સૂત્ર'' જેવા ગહન વિષયનો અભ્યાસ કરવા મળ્યો અને મનમાં અદભૂત ઉર્જાનો સંચાર ઉદ્‌ભવ પામ્યો, મોક્ષ પ્રાપ્તિની તીવ્ર તાલાવેલી અને ઝંખના જાગી. ત્યારબાદ જાગૃત થયેલ શ્રદ્ધાબળે શાસન સેવા માટે છેલ્લા વીસ વર્ષોમાં પૂ. સાધ્વીજી ભગવંતોને ''જ્યોતિષ મૂહુર્ત શાસ્ત્ર''નો નિઃસ્વાર્થ ભાવે અભ્યાસ કરાવે છે.** જન્મભૂમિ તથા મુંબઈ સમાચાર પંચાગ તેમજ અન્ય સામાયિકમાં તેમના લેખ પ્રસિદ્ધ થયેલ છે. આ પુસ્તિકામાં આસન, મુદ્રા, બંધ નાડીઓ, કુંડળીની શક્તિ, સમકિતિ શક્તિ, પ્રાણાયામ, પંચતત્વજ્ઞાન, વિવિધ ચક્રજ્ઞાન, અષ્ટાંગ યોગો, શુભ તાંત્રિક વિદ્યા, કાયોત્સર્ગ ધ્યાન, ઉપકારી ગુરુપ્રાપ્તિનો સરળ ઉપાય જેવા આત્મલક્ષી બાબતોની છણાવટ કરેલ છે.

પ્રાપ્તિ સ્થાન : બી-૧૫, સુરેખા સોસાયટી, દાદાભાઈ રોડ, વિલેપાર્લા (વે), મુંબઈ - ૪૦૦૦૫૬.

**દુર્જન પોતાની વિદ્યા વાદ-વિવાદમાં, ધન પોતાના ઘમંડ માટે અને બળ બીજાને દુઃખ આપવામાં કરે છે, જ્યારે સજ્જન પોતાની વિદ્યા, શક્તિ, ધન સર્વસ્વ લોક કલ્યાણ માટે ખર્ચે છે !**

**સતત વિવાદોમાં જ રાચનારો અને વિરોધોમાં જ રસ લેનારો, એટલું જ સુચવે છે કે એની પાસે સર્જનાત્મક કોઈ કાર્ય જ નથી.**

## મંગલ કામના

**લેખક શ્રી કિરણભાઈનો પરિચય :-**

(પાટણ નિવાસી કસુંબીયા વાડાના શ્રી કિરણભાઈના ઉપનામથી જાણીતા મૂળ નામ શ્રી કાંતિલાલ મોહનલાલ પારેખનો ફાળો જીનશાસનમાં વંદનીય છે. વર્ષો સુધી પન્યાસજી શ્રી ભદ્રંકર વિજયજી મ.સા.ની નિશ્રામાં શાસ્ત્રોનો અભ્યાસ કરી તેમણે જીનવાણીનો અદભૂત વિનિમય કર્યો છે. લગભગ ૫૦ વર્ષથી વધુ સમય દર શનિવારે રાત્રે ગોડીજી પાયધૂની ઉપાશ્રયમાં - પ્રવચન હોલમાં જીન શાસનના અનેક વિષયો પર પ્રવચન આપ્યા છે. ૧૯૯૧-૯૨ થી લગભગ ૧૫ વર્ષ અમેરિકાના અનેક જૈન સંઘોમાં પર્યુષણના પ્રવચનો ઉપરાંત સ્વાધ્યાય કરાવ્યો છે. ખાસ કરીને શ્રી નમસ્કાર મહામંત્ર કથાનુયોગ, પંચસૂત્ર, આવસ્યક સૂત્રો, વીરવિજયજીની સ્નાત્રપૂજા તથા બીજી અન્ય પૂજાઓ પર તેમનું લખાણ સ્વાધ્યાય અનુપ્રેષનીય હતું.

નીચે જણાવેલ ''મંગલકામના'' લેખ વાંચતા જ ખ્યાલ આવશે કે શ્રી વીરપ્રભુનો જગતના જીવોને અપાયેલ સંદેશો પૂ. કિરણભાઈએ ખૂબ સરળ ભાષામાં જણાવ્યો છે. આ લેખ વાંચી જો તેના આમાન્યાઓ જીવનમાં ઉતારવામાં આવે તો મનુષ્યભવ સાર્થક થઈ જાય. જીન કથિત ધર્મ જીવંત બની જાય.)

**- સંપાદક સમિતિ**

### ''જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ''

આપણામાં જ્ઞાન વધારે છે કે ઓછું તે મહત્વની વસ્તુ નથી, પણ મહત્વની વસ્તુ તો આપણું અંતઃકરણ પવિત્ર છે કે અપવિત્ર છે, તે છે. ભદ્રતા - સરળતા અને પવિત્રતા એ ધર્મના બીજ સ્વરૂપ છે. આપના જીવનમાં આ ભદ્રતા અને પવિત્રતા પુષ્ટ થાઓ !

ત્રણ જગતના સર્વ જીવોના હિતની ભાવના તેમજ તે મુજબની શક્ય પ્રવૃત્તિ, એ અક્ષય સુખનું બીજ છે, આપના હૃદયમાં રોપાયેલાં આ બીજ વડે આત્મહિતકારી સર્વ પ્રકારની સુખ સમૃદ્ધિ આપને પ્રાપ્ત થાઓ !

લેવામાં જે સુખ મળે છે તે ક્ષણિક હોય છે, જ્યારે હિત પૂર્વક બીજાને આપવાથી પ્રાપ્ત થતું સુખ જ જીવનભર જળવાઈ રહે છે. **મને બીજા કેટલા ઉપયોગી થાય છે એમ વિચારવા કરતાં હું બીજાને કેટલો ઉપયોગી થઈ શકું એમ છું,** આ વિચાર જીવનમાં પ્રકાશ લાવે છે, આપનું જીવન લોકોત્તર પ્રકાશથી ભરપુર બનો !

જેની આંખમાં કરૂણા છે, હૃદયમાં વાત્સલ્ય છે, વાણીમાં, ગુણાનુવાદ છે, જીવનમાં પરોપકાર છે તેના વડે જગત પવિત્ર થયેલું છે. આ પરમ પ્રેમ આપના જીવનને છલોછલ ભરી રહો !

પરમાત્માની ભક્તિ એજ એક પરમ આનંદ મોક્ષ લક્ષ્મીનું બીજ છે. જો પરમાત્મામાં રાગ નહીં હોય તો, ત્યાગ કર્યો હશે છતાં ત્યાગનો અનુબંધ નહીં પડે, ત્યાગ સહજ સ્વાભાવિક નહીં થાય, આપનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ ખુબ દ્રઢ થાઓ !

સંપત્તિ ક્રોડોની હોય, પણ જો ગુરુજનોના, વડીલોના આશિર્વાદ ના હોય, દીન દુઃખી પ્રત્યે અનુકંપા ન કરી હોય, પરાર્થ કારિતા ન આચરી હોય, પારકાના હિત અર્થે કંઈ જ ન કર્યું હોય, તો અંતરમાં સુખ અને શાંતિ પ્રાપ્ત થતાં નથી. આપની સંપત્તિનો, શક્તિઓનો પરાર્થ સદુપયોગ થાઓ !

પોતાના સુખમાંથી બીજાને ભાગ આપો અને બીજાના દુઃખમાં પોતે ભાગ લો, પેલું વૃક્ષ, પેલી ધૂપસળી અને પેલી ચંદનકાષ્ઠ મુંગા રહીને મહત્વની વાત કહે છે કે, **''સહી લેજો, બળી જજો, ઘસાઈ છૂટજો.'' આપના જીવનમાં સહનશીલતા, અનુકંપા અને પરાર્થ કારિતા પ્રગટ થાઓ !**

કોઈનો નાનામાં નાનો ઉપકાર ભૂલવો નહીં અને કોઈએ કરેલા મોટામાં મોટા અપકારને યાદ કરવો નહીં. સુખ અને શાંતિનો આ રાજમાર્ગ છે. સુખ અને શાંતિ એવું સુગંધી અત્તર છે કે બીજા ઉપર તે જેટલું વધારે છાંટશો તેટલી વધુ સુગંધ તમારામાં પ્રગટશે. સુખ અને શાંતિના આ રાજમાર્ગ ઉપર આપનું જીવન સુગંધમય બની રહો !

જ્ઞાન એટલે બુદ્ધિ વડે જાણવું અને વિજ્ઞાન એટલે જીવનમાં અનુભવવું. જે જ્ઞાન આચરણ દ્વારા આત્મસાત કરવામાં આવે તે વિજ્ઞાન બને છે. આપના જીવનમાં સમ્યગ્ જ્ઞાન વિજ્ઞાનનો મંગલમય પ્રકાશ ફેલાઈ રહો !

કર્મ સ્વરૂપનો વિચાર નમ્રતા લાવે છે. ધર્મ સ્વરૂપનો વિચાર નિર્ભયતા લાવે છે, જ્ઞાનથી પરમાત્માને જાણી શકાય છે. પ્રેમથી પરમાત્માને પામી શકાય છે. આપના જીવનમાં અભય, અદ્વેષ અને અખેદ પ્રગટ થાઓ !

માનવ પાસે સર્વશ્રેષ્ઠ શક્તિ ધરાવતું મન છે, તેને જો પરમ તત્વ સાથે સતત જોડાયેલું રાખવામાં આવે તો માનવી મહા માનવ કે પૂર્ણ માનવ બની શકે. આપનું મન એ પરમતત્વ સાથે જોડાયેલું રહો !

ભગવાન પ્રેમમય છે. કરૂણામય છે, મંગલમય છે, જ્ઞાનમય છે, સર્વમય છે. તેઓ જ એકમાત્ર શરણભૂત છે. પરમ કરૂણામય પરમાત્માનું જ આપને શરણ હો !

જગતના સર્વ જીવો પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું તેમાં પરમાત્માની ઓળખ છે. સર્વ પ્રત્યેનો આપનામાં રહેલો પૂર્ણ પ્રેમ પ્રગટ થાઓ, પૂર્ણ જ્ઞાન પ્રગટ થાઓ !

પ્રત્યેક આત્મા તત્વથી પરમાત્મા છે. આપણી અંદર સુષુપ્ત રહેલા આ પરમાત્મ તત્વને પ્રગટાવવું એ ધર્મ માત્રનું ધ્યેય છે. આપનામાં રહેલું આ પરમાત્મત્વ પ્રગટ થાઓ અને સારૂય જીવન તમને મંગલમય હો ! ........... અસ્તુ.


**ઘર વેચવાનું છે**

**ફોફલીયા વાડો-મનમોહનજીની શેરી**

*Ground & First Floor, (Built up area 155.40 Sq. Yds.)*
*2nd & 3rd Floor, FSI (Built up area 155.40 Sq. Yds)*

**Tital Clear**

**Contact : 9821483637** ADVT

## સાભાર સ્વીકાર

**મેડિકલ સહાય જનરલ ફંડ :**

૨,૦૧,૦૦૦/- ડૉ નરેશભાઈ સુરજમલ ચોધરી ના સ્મરણાર્થે
હ. શ્રીમતી નીરુબેન, ડૉ. જીમીતભાઈ,
શ્રી કેતનભાઈ, શ્રી નિકીતા અને શ્રી જેશલ ચોધરી.
(ચોધરીની શેરી)

**વિકલાંગ ઉત્કર્ષ ફંડ :**

૪૫,૦૦૦/- શ્રીમતી હર્ષાબેન વિક્રમભાઈ શાહ

**મેડિકલ સહાય ભેટ :**

૧,૦૮,૦૦૦/- સ્વ. શ્રી ભરતભાઈ રમણલાલ શાહ અને
સ્વ. શ્રીમતી રમીલાબેન ભરતભાઈ શાહના
સ્મરણાર્થે. હ. સુપુત્રી વૈશાલીબેન અલ્પેશભાઈ શાહ
(ખજૂરીનો પાડો)

૫૦,૦૦૦/- સ્વ. શ્રી મહેન્દ્રભાઈ વાડિલાલ શાહના સ્મરણાર્થે
હ. શ્રી મયુરભાઈ મહેન્દ્રભાઈ શાહ (શાંતિનાથની પોળ)

૧૦,૦૦૦/- શ્રી અશ્વીનભાઈ રીખવચંદ શાહ (મલ્લાતનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૨,૫૦,૦૦૦/- શ્રી વનરાજ પ્રતાપચંદ દલાલ (વસાવાડો)

૧,૦૦,૦૦૦/- સ્વ. શ્રી વિક્રમભાઈ રતિલાલ પટવા
હ. શ્રીમતી હેતાબેન સ્નેહલભાઈ શાહ (અમદાવાદ)

૨૭,૦૦૦/- એક શુભેચ્છક

**મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૧,૦૧,૦૦૦/- શ્રી સુરેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (વખતજીની શેરી)
સ્વ. શ્રીમતી પ્રભાવતીબેન અમ્રતલાલ શાહ તથા
સ્વ. શ્રી અમ્રતલાલ મોહનલાલ શાહના સ્મરણાર્થે

## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના છાત્રોનું NEETમાં ઝળહળતું પરિણામ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણમાં ધોરણ ૧૨ના સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની મેડિકલમાં પ્રવેશ લેવા માટે NEETની પરીક્ષા ભારત સરકાર દ્વારા લેવામાં આવે છે. તેમાં શાળામાંથી નીચે મુજબના વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણાંક મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાને ગૌરવ અપાવેલ છે તે બદલ અભિનંદન.

| નામ | ગુણાંક |
|---|---|
| ૧. પટેલ કુશ નિતિનકુમાર | ૬૪૦/૭૨૦ |
| ૨. મોદી સાહિલ વિજયકુમાર | ૬૨૬/૭૨૦ |
| ૩. મોદી મહર્ષિ નિસર્ગભાઈ | ૫૭૯/૭૨૦ |
| ૪. મોદી કેન્વી કમલેશકુમાર | ૫૧૦/૭૨૦ |
| ૫. પટેલ નિર્મિત સંજયકુમાર | ૫૦૯/૭૨૦ |
| ૬. સોની રેની ભરતભાઈ | ૫૦૪/૭૨૦ |
| ૭. રાવલ સિદ્ધાર્થ નરસિંહભાઈ | ૪૧૮/૭૨૦ |

❑ **વિદ્યાલય સમિતિ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | કાશ્મીરાબેન જિતેન્દ્રભાઈ શાહ | ૭૬ | ગોરેગામ | ૨૦-૦૬-૨૦ | જેઠ વદ ૧૪ |
| દશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | રમીલાબેન ભરતભાઈ શાહ | ૮૦ | સાંતાક્રુઝ | ૦૨-૦૮-૨૦ | અષાઢ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | ખેતરપાળનો પાડો | વસંતભાઈ મહાસુખલાલ શાહ | ૬૭ | મીરારોડ | ૨૧-૧૦-૨૦ | આસો સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | કામીન જયકુમાર શાહ | ૫૧ | ચેન્નઈ | ૨૧-૦૧-૨૧ | પોષ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | ખેતરપાળનો પાડો | સુરેશભાઈ મહાસુખલાલ શાહ | ૬૨ | ડોમ્બીવલી | ૨૭-૦૭-૨૧ | અષાઢ વદ ૦૪ |
| વિશા પોરવાળ | સિદ્ધચક્રની પોળ | પનાલાલ પોપટલાલ ઝવેરી | ૯૩ | અંધેરી | ૨૯-૦૭-૨૧ | અષાઢ વદ ૦૬ |
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | મંજુલાબેન અરવિંદકુમાર ઝવેરી | ૯૨ | વિલેપાર્લા | ૧૮-૧૦-૨૧ | આસો સુદ ૧૩ |
| વિશા પોરવાળ | ચોધરીની શેરી | ડૉ. નરેશભાઈ સૂરજમલ ચોધરી | ૮૩ | ગોરેગામ | ૧૯-૧૦-૨૧ | આસો સુદ ૧૪ |
| વિશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | રાજેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | ૭૪ | ગોરેગામ | ૨૦-૧૦-૨૧ | આસો સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | નવીનચંદ્ર નેમચંદ શાહ | ૮૪ | ગોરેગામ | ૨૭-૧૦-૨૧ | આસો વદ ૦૬ |
| વિશા શ્રીમાળી | ઢંઢેર વાડો | અનિલાબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૮૧ | ઠાકુરદ્વાર | ૩૦-૧૦-૨૧ | આસો વદ ૦૯ |
| વિશા પોરવાળ | અજીતનાથની પોળ | રમેશચંદ્ર જેશિંગલાલ શાહ | ૮૮ | માટુંગા | ૦૧-૧૧-૨૧ | આસો વદ ૧૧ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | સંજયભાઈ જશવંતલાલ શાહ | ૬૨ | અંધેરી | ૦૬-૧૧-૨૧ | કારતક સુદ ૦૨ |
| દશા પોરવાળ | કપૂર મેહતાનો પાડો | દમયંતિબેન કીર્તિલાલ ચોક્સી | ૮૪ | વાલકેશ્વર | ૦૭-૧૧-૨૧ | કારતક સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | નિલાબેન અશોકભાઈ શાહ | ૭૪ | અંધેરી | ૧૨-૧૧-૨૧ | કારતક સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | વિપીનચંદ્ર બાલુભાઈ મહેતા | ૯૧ | વિલેપાર્લા | ૧૫-૧૧-૨૧ | કારતક સુદ ૧૨ |
| ● વિશા શ્રીમાળી | કસુંબિયા વાડો | પ્રવિણચંદ્ર વિઠ્ઠલભાઈ પારેખ | ૮૮ | મરીનડ્રાઈવ | ૧૫-૦૫-૨૧ | વૈશાખ સુદ ૦૩ |

(ગતાંકમાં સુધારીને વાચવું ●)

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય - પાટણ




**ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સંસ્થાના હોદ્દેદારોને પધારવા ભાવભર્યું નિમંત્રણ**

## ૭૭મો વાર્ષિકોત્સવ - Annual Day

**દિનાંક : ૧૭-૧૨-૨૦૨૧, શુક્રવાર • સમય : સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦**

**સ્થળ: ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય પાટણ.**

### કાર્યક્રમ સૂચી

૧. **સવારે ૯ થી ૧૨ કલાકે:-** વિવિધ ક્ષેત્રે સફળતા મેળવનાર વિદ્યાર્થીઓનો **સન્માન સમારોહ.** પારિતોષિક એનાયત તથા ભારત દેશની ૭૫ વર્ષની અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત દેશ ભક્તિના ગીતોનો સંગીતમય કાર્યક્રમ **'મેરા ભારત મહાન'.**

૨. **બપોરે ૩ કલાકે:-** ભૂતપૂર્વ વિદ્યાર્થી એશોસિએશનની વાર્ષિક સામાન્ય સભા.

૩. **બપોરે ૩.૩૦ કલાકે:-** ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ.

૪. **સાંજે ૪ કલાકે:- ઉદ્‌ઘાટન સમારોહ** નવા બનાવેલા ડિજીટલ સ્માર્ટ ક્લાસ તથા અન્ય નવા બનાવેલ યુનિટનો ઉદ્‌ઘાટન વિધિ.

૫. **સાંજે ૫ થી ૬ કલાકે:-** આજના પ્રસંગે બહારગામથી પધારેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા મહેમાનો માટે **અલ્પાહાર.**

૬. **સાંજે ૬.૧૫ કલાકે:- 'સ્પંદન' ૨૦૨૧ સાંસ્કૃતિક કાર્યક્રમ** પ્રાથમિક તથા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાશે તથા વાર્ષિક અંક **'સૌરભ'નું વિમોચન.**

## વિદ્યાલય ડેવલપમેન્ટ વિવિધ યોજના • શિક્ષણક્ષેત્રે સહાયક થવાની અમુલ્ય તક

### વાતાનુકુલિત ડિજીટલ સ્માર્ટ ક્લાસ

આપણે ગર્વ કરી શકીએ કે, પાટણની પહેલી સ્કુલ છે જ્યા આ સુવીધા ઉપલબ્ધ છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦ ક્લાસના દાતા મેળવી શક્યા છીએ. વિદ્યાર્થીની સંખ્યા વધતા આપણે વધુ બે ક્લાસરૂમ શરૂ કરી રહ્યા છીએ, જેના દાતા મેળવવા અત્રે અપીલ કરીએ છીએ.

**એક સ્માર્ટ ક્લાસ રૂા. ૩,૦૦,૦૦૦/- • બે સ્માર્ટ ક્લાસ રૂા. ૫,૦૦,૦૦૦/- ક્લાસરૂમ પર તકતી આવશે.**

### વિદ્યાલય સેન્ટ્રલ હોલ

વિદ્યાલયમાં સેન્ટ્રલ હોલ કે, જ્યાં વર્ષ દરમ્યાન વિદ્યાલયના અનેક કાર્યક્રમો આયોજીત થાય છે.
આ હોલને સંપૂર્ણ વાતાનુકુલિત (AC) તથા અદ્યતન સુવિધા યુક્ત બનાવવાનું આયોજન કરેલ છે.

**સેન્ટ્રલ હોલ રીનોવેશન રૂા. ૯,૦૦,૦૦૦/- દાતા પરિવારના નામની તકતી આવશે.**

### વિશાળ ગાર્ડન-બગીચો

વિદ્યાલય - કોલેજ - દેરાસર - બોર્ડીંગ કેમ્પસથી રોડ તરફના આગળના ભાગની દિવાલથી ૪૦ ફૂટ પહોળો તથા ૩૫૦ ફૂટ લાંબો
વિશાળ ગાર્ડન, જેમા હીંચકા - લપસણી જેવા રમત-ગમતના સાધનો,
રંગબેરંગી ફૂલના વિવિધ છોડ સહીતનું ગાર્ડનીંગ, બેસવાની સુવિધા તેમજ આકર્ષક લાઈટીંગ.
આ ગાર્ડનથી - સંસ્થાના સમગ્ર કેમ્પસની શોભામાં અભિવૃદ્ધિ, સ્કુલ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે રીલેક્ષ થવાનો પર્યાય.
કેમ્પસની બોર્ડરમાં આવેલા ઝુંપડા વિગેરેના અતિક્રમણ થવામાંથી મુક્તિ મળશે.
સંસ્થાના સમગ્ર કેમ્પસ તથા રોડની શોભામાં અભિવૃદ્ધિ કરતા **આ ગાર્ડનમાં આપના પરિવારની તકતી આવશે.**

**આખા બગીચાનો લાભ રૂા. ૧૧,૦૦,૦૦૦/- મેઈન ગેટ પર પણ તકતી આવી શકશે.**

**અથવા તો** ૩ વિભાગમાં વિભાજીત ૩ ગાર્ડન.

**મોટું ગાર્ડન રૂા. ૫,૦૦,૦૦૦/- • મધ્યમ ગાર્ડન રૂા. ૪,૦૦,૦૦૦/- • નાનું ગાર્ડન રૂા. ૩,૦૦,૦૦૦/-**

આ જમીન પાટણ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા શહેર સુશોભીકરણ યોજના અંતર્ગત પ્રાપ્ત છે, તો તે વિવિધ શરતોને આધીન રહેશે.

**ઉપરોક્ત યોજનામાં લાભ લેવા તેમજ વધુ પૂછપરછ માટે સંપર્ક :-**

**વિદ્યાલય ઉપપ્રમુખ શ્રી યશવંતભાઈ એચ. ઝવેરી મો. ૯૮૨૦૦૮૮૯૯૭ • વિદ્યાલય માનદમંત્રી શ્રી રાજેન્દ્ર જે. શાહ મો. ૯૩૨૨૨૨૭૨૦૯**

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● November 2021 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month




## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પાટણ

### આધુનિક સગવડ - વિશેષ આકર્ષણો...

- ગ્રાઉન્ડ ફ્લોર તથા ત્રણ મંજલિ ઈમારત અદ્યતન સુવિધાયુક્ત લિફ્ટ
- પ્રત્યેક બ્લોકમાં LCD ટીવી
- એસી તેમજ નોન એસી બ્લોક
- પ્યુરીફાઈડ વોટર કુલર
- વેસ્ટર્ન ટાઈપ ટોયલેટ
- વાઈફાઈની સુવિધા
- ગરમપાણીની સુવિધાર્થે સોલાર ગીઝર
- ધાર્મિક તેમજ લગ્ન પ્રસંગે ગ્રુપ બ્લોક બુકીંગની સગવડ
- ચેક ઈન ટાઈમ ૯.૩૦ - ચેક આઉટ ટાઈમ ૯.૦૦
- **અતિથિગૃહમાં ઉપલબ્ધ હોય તો ચાર માસ અગાઉ નિયત ડિપોઝીટની રકમ સ્વીકારી તુરંત બ્લોકનું કન્ફર્મ બુકીંગ કરવામાં આવે છે.**
- સંજોગોવસાત બ્લોક બુકિંગ રદ્દ કરવાનું થાય તો ૧૫ દિવસ અગાઉ જાણ કરાતા ૫૦ ટકા રકમ રીફંડ આપવામાં આવશે.
- અતિથિગૃહની લગોલગ જૈન ભોજનશાળામાં નવકારશી, બપોરનું ભોજન તથા ચોવીહારની વ્યવસ્થા.
- પાટણ ખાતે પેન / આધાર કાર્ડની ઝેરોક્ષ આપવી અનિવાર્ય રહેશે
- મુંબઈ ખાતે સંસ્થાની ઓફિસમાંથી બ્લોક બુકીંગ થાય છે
  સંપર્ક : ફોન : ૨૨૮૧૧૩૪૬/મો. ૮૭૭૯૧૬૧૨૦૯
- પાટણ ખાતે અતિથિગૃહમાંથી પણ બ્લોક બુકીંગ થાય છે
  સંપર્ક : ફોનઃ ૦૨૭૬૬-૨૨૦૭૧૫/ધીરૂભાઈ - ૦૯૪૨૯૦૧૬૬૬૫

**પાટણ પધારો ત્યારે આપણા જ અતિથિગૃહમાં ઉતરવાનો આગ્રહ રાખવો**


## ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

**પાટણ જૈન સમાજના અનેક ભાઈ-બહેનોએ ચાતુર્માસ દરમ્યાન માસક્ષમણ, સિદ્ધિતપ, વર્ષીતપ, અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસની ઉગ્ર તપશ્ચયાની આરાધના સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુદ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યુ છે, તેનું અનુમોદન કરતાં ગર્વ અનુભવીએ છીએ.**

| | નામ | ઉંમર | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|---|
| ૧૬ ઉપવાસ તપ | મેહા ધ્રુવ કેતનકુમાર શાહ | ૩૩ | કાંદિવલી | માર. મહેતાનો પાડો |
| | માહી રોનકભાઈ પટણી | ૧૩ | ગોવાલિયાટેન્ક | વખતજીની શેરી |
| ૯ ઉપવાસ તપ | કલ્પનાબેન અતુલભાઈ શાહ | ૬૩ | પ્રાથના સમાજ | સંઘવીનો પાડો |
| અઠ્ઠાઈ તપ | ધૈર્ય દાનેશભાઈ શાહ | ૧૯ | બોરીવલી | મણિયાતી પાડો |
| | વીર દાનેશભાઈ શાહ | ૧૬ | બોરીવલી | મણિયાતી પાડો |
| | રિસિતા સૌરીનભાઈ કાપડિયા | ૧૬ | વિલેપાર્લા | મનમોહનજીની શેરી |

**સિદ્ધિ તપ**



ડૉ. સ્મીતાબેન ઈન્દ્રવદનભાઈ શાહ
ઉં.વ. ૬૯, ઘાટકોપર, લીમડીનો પાડો

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,